# The 9th ASEAN-India Senior Officials Meeting on Transnational Crimes (SOMTC)

## 9મી ASEAN-ભારતની ટ્રાન્સનેશનલ ગુનાઓ પર વરિષ્ઠ અધિકારીઓની મીટિંગ (SOMTC)

21 જુલાઈ, 2022

20 જુલાઈ 2022 નાં રોજ વર્ચ્યુઅલ મોડ પર 9મી ASEAN-ભારતની ટ્રાન્સનેશનલ ગુનાઓ પર વરિષ્ઠ અધિકારીઓની મીટિંગ (SOMTC) યોજવામાં આવી હતી. આ પરામર્શોની સહ-અધ્યક્ષતા ભારતીય પક્ષ તરફથી વિદેશ મંત્રાલયનાં સંયુક્ત સચિવ (આતંકવાદનો સામનો) શ્રી મહાવીર સિંઘવી, અને ASEAN પક્ષ તરફથી સિંગાપોરનાં વિદેશ મંત્રાલયનાં ઉપ સચિવ (નીતિ) શ્રી પુઆહ કોક કેઓંગ દ્વારા કરવામાં આવી હતી.

બન્ને પક્ષોએ આતંકવાદની તેનાં તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં પ્રબળ નિંદા કરી હતી અને વ્યાપક અને ટકાઉ રીતે આતંકવાદ અને ટ્રાન્સનેશનલ ગુનાઓનો સામનો કરવા પ્રબળ આંતરરાષ્ટ્રિય સહકારની જરૂરીયાત પર ભાર મૂક્યો હતો.

આ પરામર્શો દરમિયાન, બન્ને પક્ષોએ ટ્રાન્સનેશનલ ગુનાઓનો સામનો કરવા ASEAN-ભારત કાર્યકારી યોજનાનાં ફ્રેમવર્ક હેઠળ આતંકવાદ, ગેરકાનૂની ડ્રગની હેરાફેરી, વ્યક્તિઓની હેરાફેરી, આંતરરાષ્ટ્રિય આર્થિક ગુના અને સાયબર ગુનાઓનાં ક્ષેત્રોમાં પરસ્પર સહકાર વધારવાનાં માર્ગોની ચર્ચા કરી હતી. બન્ને પક્ષો વચ્ચે સંસ્થાગત જોડાણો અને ક્ષમતા નિર્માણનાં પ્રોગ્રામોની પણ ચર્ચા કરવામાં આવી હતી.

2023 માં ઈન્ડોનેશિયામાં 10માં ASEAN-ભારત ટ્રાન્સનેશનલ ગુનાઓ પરનાં SOMTC પરામર્શ યોજવામાં આવશે.

**નવી દિલ્હી**
**20 જુલાઈ, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.